## બનાસકાંઠા જીલ્લામાં આવેલ પૂરમાં આયોજીત સહાય કેમ્પ

બનાસકાંઠા જીલ્લાના સુઈગામ , વાવ, લાખણી, થરાદ, ધાનેરા વિસ્તારમાં કુદરતી આપત્તિ (પૂર) આવેલ. જેમાં જનજીવનને ખૂબ જ નુકસાન પહોંચ્યું હતું. જેથી આ વિસ્તારમાં જૂરિયાતમંદ લોકોને સહાય મળિ રહે તે હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલીત (W(we)olunteer Group) ના સભ્યો દ્વારા સહાય કેમ્પ આયોજીત કરવામાં આવ્યો હતો.

જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકો, કર્મચારીઓ દ્વારા ફાળો આપવામાં આવેલ. જેમાંથી ખાદ્યસામગ્રી , સાફ સફાઈના સાધનો , દવા, પાણી જેવી સામગ્રી વાવ તાલુકાના છેવાડાના અસરગ્રસ્ત ગામ નાળેશ્વરમાં પહોંચાડવામાં આવી. આ અભિયાનમાં શ્રી. અંકિત રાવલ, દિલીપ ચૌધરી, નિરવ વ્યાસ, વેલજી દેસાઈ,ભાવેશ ચૌધરી, જેમને આ અસરગ્રસ્ત ગામમાં જઈને રોજિંદા જીવન માટે જરૂરી સામગ્રીનું વિતરણ , સાફસફાઈ અને સારા સ્વાસ્થ્ય માટે દવાઓ પૂરી પાડી જે પ્રશંસાને પાત્ર છે.

આ કાર્યમાં સહયોગ આપવા બદલ સૌના આભારી રહીશું.








